## ૧. તારો રામ તારી ભીતર

બૂમ પાડતો કોને આમ?
તારી ભીતર તારો રામ...

આઘે... દૂર અયોધ્યામાં થોડો જ રહે છે?
રગરગમાં ધબકારામાં હા, એ જ વહે છે.
એ જ જાતરા તીરથ ધામ...
તારી ભીતર તારો રામ...

પોપટ જેવું રટણ કરે ક્યાં મળવાનો છે? રામ રામ કર,
શબ્દ નહીં પણ ભાવ ગર્ભની જેમ સતત સાચવવો ભીતર.
છોડ બધાં નવરાનાં કામ...

*એક રામ દશરથ કા બેટા, એક રામ હૈ ઘટઘટ બૈઠા...*
*એક રામકા સકલ પસારા, એક રામ સબહુન સે ન્યારા.*

હે રામ! અરે રામ, રામ બોલો ભાઈ રામ, રામ-રામ કર... આવું આવું જ્યારે કહીએ છીએ ત્યારે આપણે કોને આ રામનું સંબોધન કરતાં હોઈએ છીએ! કયા રામની આ વાત કરતા હોઈએ છીએ?

ના, દૂર ક્યાંક અયોધ્યામાં તમારો રામ નથી રહેતો. આપણો રામ તો આપણી ભીતર રહે છે, રગે-રગમાં, પ્રત્યેક ધબકારામાં એ રામ જ વહેતો હોય છે. એ રામ એટલે જ પરમ ચૈતન્ય. ભીતર ડોકિયું કરવું એ જ સાચી જાત્રા છે અને એ જ સાચું તીર્થ છે.

પણ, સતત બૂમો પાડીને ક્યાંક જાણે દૂર હોય એમ આપણે રામને બોલાવ્યા કરીએ છીએ. પોપટની જેમ 'રામ-રામ' 'સીતા-રામ' એવું રટણ કર્યા કરવાથી એ રામનો પરિચય નથી થવાનો. એ રામને મળવા માટે તો કોઈ ગર્ભવતી સ્ત્રી જેટલી કાળજી રાખવાની છે. શબ્દ નહીં પણ એ ભાવને આપણે આપણી ભીતર સતત ગર્ભની જેમ સાચવવાનો છે. ગર્ભવતી સ્ત્રી ક્યાંય ઠોકર ન લાગે એની કાળજી રાખે છે. ગમે તેવો ખોરાક નથી ખાતી, ગર્ભને પૂરું પોષણ મળે, પૂરો વિકાસ થાય તેવો સાત્ત્વિક આહાર લે છે. સૂતાં, ઊઠતાં, બેસતાં, ચાલતાં, સતત કાળજી રાખે છે અને સતત સભાન રહે છે. સભાનતા અને ભીતર ડોકિયું એ જ રામને મળવાના સાચા ઉપાય છે અને એટલે જ જ્યારે મન રામના નામે કોઈ બીજી પ્રવૃત્તિમાં જોતરી દે ત્યારે આ બધાં નવરાનાં કામ હું કરી રહ્યો છું એ યાદ રાખવું જોઈએ. આપણી ભીતર આપણો રામ આપણી રાહ જોતો ઊભો હોય છે.

## ૨. જીવંત સદ્ગુરુ...

સદ્ગુરુની સાથે જો બેઠા હો તો એ ઢંઢોળે,
મૂર્તિ નથી જ જાગેલી, તો ક્યાંથી આંખો ખોલે.

જીવંત હોઠો પરના જીવતા શબ્દો પાર ઉતારે,
પુસ્તકના શબ્દો, દીવો ના પ્રગટાવે અંધારે.

કરે ડોકિયું તુજમાં એવી જીવંત આંખો શોધ,

**એક** ગુરુના આશ્રમમાં જવાનું થયું. ગુરુની આરસપહાણની આશીર્વાદ આપતી મૂર્તિની સામે શિષ્યો પોતાની રીતે મનફાવે તેવા રાગમાં, મનફાવે તેવા ઉચ્ચારો સાથે શ્લોકો ગાતા હતા. પોતપોતાની માગણીઓ વંદન કરીને રજૂ કરતા હતા અને મનમાં કંઈક આડાઅવળા વિચારો સાથે આજુ બાજુ ડાફોળિયા મારી લેતા હતા. મનમાં પ્રશ્ન થયો, એ સદ્ગુરુ આજે જીવંત અહીં બેઠા હોત તો આવું કશું ચાલી શક્ત ખરું?

જીવંત સદ્ગુરુની સાથે બેસવું એ જીવનનો સૌથી મોટો લ્હાવો છે. જીવંત સદ્ગુરુ તો પ્રત્યેક પળે ઢંઢોળવાનું કામ કરે છે, જગાડવાનું કામ કરે છે. ક્યાંક બંધાઈ ગયા અને ગંધાઈ ગયા હોઈએ તો નદીની જેમ ખળખળ વહેતા કરી દે છે. પથ્થરની મૂર્તિઓ પોતે જ જાગેલી નથી એ ક્યાંથી આંખો ખોલવાની છે? તમે આંખો ખુલ્લી રાખો કે બંધ રાખો એનાથી એ ગુરુની મૂર્તિમાં કોઈ ફેર પડવાનો નથી.

ઘણાં પુસ્તક વાંચીને સત્સંગ કરી લીધાનો સંતોષ માને છે, પરંતુ જીવંત સદ્ગુરુના હોઠ પરથી પ્રગટતા જીવતા શબ્દો પાર ઉતારે છે. આપણી અંદર વીજળીના ઝબકારે આપણને ડોકિયું કરાવી જાય છે. આપણા જીવનને બદલી નાખે છે, જ્યારે પુસ્તકના શબ્દો તમારા અંધારાની અંદર દીવો નહીં પ્રગટાવે. दीपो दीपान्तरं यथा। દીવો શબ્દોથી નહીં પ્રગટે. એણે તો પ્રગટેલા દીવા પાસે જવું જ પડે છે તો જ જ્યોત સે જ્યોત પ્રગટે છે. ગુરુની મૂર્તિની સામે બેસીને મનગમતી વાતો સાંભળવાનું હવે બંધ કરીએ. કોઈ એવા જીવંત ગુરુની આંખો શોધી કાઢવી જોઈએ જે આપણી અંદર ડોકિયું કરે અને કરાવી જાય.

## ૩. નિર્જીવ ફોટા, નિર્જીવ પૂજા...

ફોટાઓની પૂજા કરતા, તું થઈ ચાલ્યો ફોટો...

પોતાનાથી ઉત્તમ જે દેખાતું એ પૂજાતું,
જેને પૂજો એના જેવા થવાનું મન થાતું.
જેવી ઇચ્છા એવી પૂજા, હિસાબ કરતો ખોટો...

નિર્જીવની પૂજાનો મતલબ ભક્ત નથી જીવનનો,
થઈ ચાલ્યો છે હિસ્સો નિર્જીવ, ત્હારા તનનો-મનનો.
જીવન તો છે સવારમાં ખીલેલા ફૂલનો ગોટો...

**કૃષ્ણ** ભગવાને ભગવદ્ ગીતાના દસમા અધ્યાય - 'ભૂતિયોગ'માં પોતે ક્યાં-ક્યાં રહેલા છે તેની સુંદર વાત કરેલી છે. આપણે ફોટાઓની પૂજા કરતાં કરતાં સ્વયં ફોટા જેવા સાવ નિર્જીવ થઈ ગયા છીએ.

નિયમ એ છે કે તમને તમારાથી જે ઉત્તમ દેખાય એની જ પૂજા કરવાનું, એને જ આદર આપવાનું મન થાય છે. જેની પૂજા કરતાં હોવ છો એના જેવા થવાનું મન થતું હોય છે. ફોટાઓની પૂજા કરતાં કરતાં અંતે આપણે ફોટો થઈ જઈએ છીએ. ભક્તિની બાબતમાં આપણા હિસાબો પણ ફોટા જેવા જ ખોટા છે. આપણી જેવી ઇચ્છા હોય છે આપણી પૂજા પણ એવી જ હોય છે. મોટી ઇચ્છા, મોટું દુઃખ, મોટી માંગણી જો હોય તો પૂજા પણ એવી જ મોટી અને ખર્ચાળ. નહીંતર તો એક અગરબત્તી કે અગિયારવાર એનું નામ લઈ લેવાથી પૂજા કરી લીધાનો સંતોષ માનીએ છીએ.

નિર્જીવ ફોટાની પૂજાનો અર્થ જ એ છે કે તમે ધબકતા જીવનમાં ભક્ત નથી અને પછી એક દિવસ એ નિર્જીવતા શરીરનો અને મનનો એક હિસ્સો બની જાય છે. જીવન તો બગીચામાં ખીલેલાં તાજાં ફૂલ જેવું છે. ઈશ્વરને સમગ્ર સૃષ્ટિમાં, પ્રકૃતિમાં જોવાને બદલે, બહાર કે ભીતર ક્યાંય ડોકિયું કરવાને બદલે એક નિર્જીવ ફોટામાં ઇચ્છા અને માંગણીઓ મુજબ યંત્રવત્ ભક્તિ કર્યા કરવાનો શું અર્થ છે?

## ૪. ક્યાં ક્યાં કેવી ધૂળ જામી છે?...

ક્યાં ક્યાં? કેવી? જામી ધૂળ...

શોધ કોઈ ખળખળતું ઝરણું, થાક બધોય ઉતારી દે,
ધૂળ બધીયે જાય વહી, તું એમ ડુબકી મારી લે.
અશુભ થઈ જાશે નિર્મૂળ...

કૈંક ધારણા-સિદ્ધાંતોનો ભાર હટાવી થા નિર્મળ,
શબ્દોથી પણ મુક્ત થઈ જા અને વહી જા તું ખળખળ.
નિર્મળ મન જાણે ગોકુળ...

**જીવનમાં,** મનમાં, બહાર ભીતર બધે જ જો નજર કરીએ છીએ તો માત્ર ધૂળ અને ધૂળ જ બાઝી ગયેલી જણાય છે. જીવનમાં ક્યાં ક્યાં? કેવા કેવા પ્રકારની ધૂળ બાઝી છે એ જાણીએ તો આશ્ચર્ય થાય અને આ ધૂળને કારણે જ બધી સમસ્યાઓ સર્જાયેલી છે.

કોઈ સદ્ગુરુરૂપી ખળખળ વહેતું ઝરણું પ્રત્યેક મનુષ્યએ શોધી કાઢવું જોઈએ. એ શીતળ, નિર્મળ, ખળખળ વહેતા ઝરણામાં બધોય થાક ઉતારી દેવો જોઈએ. એ સદ્ગુરુમાં એમ ડૂબકી મારી લેવી જોઈએ કે બધી જ ધૂળ વહી જાય, જે કંઈ અશુભ છે એ નિર્મૂળ થઈ જાય.

આપણે નિર્મળ નથી એનું કારણ એ જ છે કે આપણું મન અને જીવન કંઈક સિદ્ધાંતો અને ધારણાઓના ભારની નીચે મેલું થઈ ગયેલું છે, દટાઈ ગયેલું છે. ભક્તિમાં શબ્દ નહીં ભાવ મહત્ત્વનો છે. શબ્દોથીયે મુક્ત થઈ જવાનું છે અને શબ્દથી મુક્ત થઈ જવાની પળે નદીની જેમ ખળખળ વહી શકાય છે. મળ વગરનું નિર્મળ મન સ્વયં જાણે ગોકુળ બની જાય છે. કોઈ ગુરુને શોધી કાઢીએ અને ભીતરની જે ધૂળ બાઝી છે એને વહાવી દઈએ.

## ૫. મન અને દંભના લટકા...

મન મૂક દંભના લટકા...

ચારે બાજુ રાખના ઢગલા, ક્યાંય નથી અંગારો,
સડી રહેલી લાશો વચ્ચે, ઊજવીએ તહેવારો.
પેઢી દર પેઢીથી ચાલે એ જ ટીલાં ને ટપકાં...

સમાધિસ્થ ને લાશ, લાગતા એક જ સરખા શાંત,
એક પરમચૈતન્યે સ્પન્દિત, બીજું જડ એકાંત.
જીવંત સદ્ગુરુ શોધ, પૂજ નહીં પગલાં આ પથ્થરનાં...

**મનને** દંભ ખૂબ ગમે છે. ક્યાંય કશું જીવંત ન લાગે એમ પેઢી દર પેઢીથી, બધું ચાલ્યું આવે છે. ચારે બાજુ માત્ર રાખના ઢગલાઓ પડ્યા છે, ક્યાંય કાંઈ અગ્નિ જેવું નથી. અગ્નિને સ્પર્શો તો બળી જાઓ, અગ્નિ ભલભલી વસ્તુને શુદ્ધ કરે પરંતુ આ રાખના ઢગલાઓમાં એવું કશું જ નથી. ચારે બાજુ માણસ લાશની જેમ સડી રહ્યો છે અને આ લાશોની વચ્ચે જ આપણે તહેવારો ઊજવ્યાનો આનંદ માણીએ છીએ. આ ટીલાં-ટપકાં એ એક સમયે અંગારા જેવા જીવંત હતા, આજે અર્થ અને સંદર્ભ ગુમાવી બેઠેલા રાખના ઢગલા છે.

જીવનને બદલવું હોય તો કોઈ જાગી ગયેલ, કોઈ સમાધિને ઉપલબ્ધ થયેલ સદ્ગુરુને શોધી લેવાની જરૂર છે. આમ તો સદ્ગુરુ અને લાશ પણ એકસરખા જ શાંત લાગતા હોય છે. સદ્ગુરુ અને લાશ બંનેને જગતનું કશું સ્પર્શતું નથી. પરંતુ જે સદ્ગુરુ છે એની અંદર માત્ર પરમ ચૈતન્ય સ્પંદિત હોય છે એટલે શાંત હોય છે. લાશમાં સાવ નિર્જીવ એકાંત હોય છે માટે શાંત હોય છે. પરમ ચૈતન્યની સાથે જોડાઈ ગયેલા જીવંત સદ્ગુરુને શોધવાની જરૂર છે. પથ્થર ઉપર પગલાંની છાપ કોતરી હોય અને એની આજુ બાજુ પૂજા અને પ્રદક્ષિણા ચાલતી હોય એ મૂઢતા હવે છોડવાની જરૂર છે.